# હનુમાન ચાલીસા

*(દોહા)*

*શ્રીગુરુ ચરન સરોજ રજ, નિજ મનુ મુકુર સુધારિ,*
*બરનઉઁ રઘુબર બિમલ જસુ, જો દાયકુ ફલ ચારિ.*

(શ્રી  ગુરુદેવની ચરણ કમળોની ધૂળને મારા મનરૂપી દર્પણ ને નિર્મળ કરી હું રઘુવરનું યશસ્વી વર્ણન કરી રહ્યો છુ. જે ચારે પદાર્થ (ધર્મ, અર્થ, કામ, મોક્ષ) ને પ્રદાન કરવાવાળું છે.)

*બુદ્ધિહીન તનુ જાનિકે, સુમિરૌં પવન-કુમાર,*
*બલ બુદ્ધિ બિદ્યા દેહું મોહિં, હરહુ ક્લેશ બિકાર.*

(હું મારી જાતને બુદ્ધિહીનમાની પવનકુમાર શ્રી હનુમાનજીનું સ્મરણ કરૂં છું. હે ! શ્રી પવનકુમાર ! અમને બલ, બુદ્ધિ, વિદ્યા પ્રદાન કરો અને અમારો દોષ દૂર કરો.)

(ચોપાઈ)

જય હનુમાન ! જ્ઞાન ગુન સાગર,
જય કપીશ ! તિહું લોક ઉજાગર.

(જ્ઞાન તથા શુભ ગુણોના વિશાળ સમુદ્ર જેવા શ્રી હનુમાનજી આપનો જય હો. ત્રણે લોકમાં પ્રકાશવાન, તેજવાન, પ્રજ્ઞાવાન કપીરાજ શ્રી હનુમાનજી આપનો જય હો.)

રામદૂત અતુલિત બલ ધામા,
અંજનીપુત્ર પવનસુત નામા.

(શ્રી હનુમાન દાદા આપશ્રી રામચંદ્ર ભગવાનના દૂત છો તથા અનંત બળના ભંડાર છો અંજની પુત્ર અને પવનપુત્ર તરીકે આપનું નામજગ પ્રસિદ્ધ છે.)

મહાવીર વિક્રમબજરંગી,
કુમતિ નિવાર સુમતિ કે સંગી.

(હે શ્રી હનુમાનજી, આપ મહાન વીર છો, વિશેષ પરાક્રમવાળા છો. આપ વ્રજ સમાન છો. આપ કુમતિને દૂર કરવાવાળા તથા સુંદર બુદ્ધિવાળાના સાથી તથા સહાયક છો.)

કંચન બરન બિરાજ સુવેસા,
કાનન કુણ્ડલ કુંચિત કેશા.

(શ્રી હનુમાનજીનું શરીર સોનાના રંગ જેવું ઉજ્જવળ છે. આપના કાનોમાં કુંડળ છે. આપના વાંકળિયા વાળ છે. આપનું આ રૂપ મનોરમ્ય છે.)

હાથ વજ્ર ઔર ધ્વજા બિરાજૈ,
કાંધે મૂંજ જનેઊ સાજૈ.
(શ્રી હનુમાનજીના હાથમાં ધ્વજ તથા વ્રજ સુશોભીત છે. અને ખભા પર મુંજની દોરીનો યજ્ઞોપવિત સુશોભિત છે.)

શંકર,સુવન કેસરી નંદન,
તેજ પ્રતાપ મહા જગ વંદન.
(હે ! શંકર ભગવાનના અવતાર હે ! કેસરીનંદન, આપના પરાક્રમ અને યશસ્વી કીર્તીને કારણે સમસ્ત વિશ્વ આપને નમસ્કાર કરે છે.)

વિદ્યાવાન ગુણી અતિ ચાતુર,
રામકાજ કરિબે કો આતુર.
(હે શ્રી હનુમાનજી ! આપ મહાનવિદ્યાનિધાન, ગુણવાન તથા અત્યંત કાર્ય-કુશળ છો. શ્રી રામજીનું કાર્ય કરવામાં આપ સદાય તત્પર છો.)

પ્રભુ ચરિત્ર સુનિબે કો રસિયા,
રામલક્ષ્મણ સીતા મન બસિયા.
(શ્રી રામભગવાનનું જીવન ચરિત્ર સાંભળવામાં આપ ખુબ જ તલ્લીન હોવ છો. શ્રી રામજી શ્રી લક્ષ્મણજી તથા શ્રી સીતામાતા આપના હૃદય કમળમાં વિરાજમાન છે.)

સૂક્ષ્મરૂપ ધરિ સિયહિં દિખાવા,
વિકટ રૂપ ધરિ લંક જલાવા.
(શ્રી હનુમાનજી સુક્ષ્મરૂપ ધારણ કરીને શ્રી સીતાજીની સન્મુખ ગયા અને ત્યારબાદ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લંકાનું દહન કર્યું.)

ભીમરૂપ ધરિ અસુર સંહારે,
શ્રી રામચંદ્ર કે કાજ સઁવારે.
(આપે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લંકામાં રાક્ષસોનો વધ કર્યો અને શ્રી રામજીના તમામકાર્યો સંપન્ન કર્યા.)

લાય સંજીવન લક્ષ્મણ જિવાયે,
શ્રી રઘુવીર હરષિ ઉર લાયે.
(સંજીવની બુટી લાવીને જ્યારે શ્રી લક્ષ્મણજીને જીવિત કર્યા તો ભગવાન શ્રી રામે આનંદ વિભોર થઈ શ્રી હનુમાનજીને હૃદયે લગાવ્યા.)

રઘુપતિ કીન્હીં બહુત બડાઈ,
તુમમમપ્રિય ભરતહિ સમભાઈ.
(શ્રી રામજીએ આપની પ્રસંશા કરી અને જણાવ્યું કે તમો મને ભરત જેટલા જ પ્રિય છો.)

સહસ્ત્ર બદન તુમ્હારો જસ ગાવૈં,
અસ કહિ શ્રી પતિ કંઠ લગાવૈં.
(હે કપિનંદન ! સહસ્ત્ર મુખવાળા શેષનાગ પણ તમારા ગુણગાન ગાય છે તેમજણાવી પ્યારથી પ્રભુ શ્રી રામે ગળે લગાવ્યા.)

સનકાદિક બ્રહ્માદિ મુનીસા,
નારદ શારદ સહિત અહીસા.
(સમસ્ત સનકાદીક, મહર્ષિગણ, ઋષિ મુનિ, શ્રી નારદજી શ્રી સરસ્વતીજી તથા શ્રી શેષનાગજી પણ આપની યશોકીર્તી યોગ્ય રીતે કરી શકતા નથી.)

યમકુબેર દિગ્પાલ જહાં તે,
કવિ કોવિદ કહિ સકૈં કહાં તે.
(શ્રી હનુમાનજી આપનો મહિમા યમરાજ, કુબેર દિગ્લાપલ, વ.વ. સમસ્ત દેવતા જયારે પૂર્ણ રૂપથી કરી શકતા નથી તો ધરતી પર રહેનાર મનુષ્ય, કવિ કે વેદ જ્ઞાની વિદ્વાન આપનો મહિમા કેવી રીતે કહી શકે.)

તુમઉપકાર સુગ્રીવ હિં કીન્હા,
રામમિલાય રાજપદ દીન્હા.
(શ્રી હનુમાનજી આપે સુગ્રીવને મોટી સહાયતા કરી હતી. આપે શ્રી સુગ્રીવજીને ભગવાન શ્રી રામજી સાથે મિલાપ કરાવી આપી તેઓને રાજા બનાવ્યા.)

તુમ્હારો મંત્ર વિભીષણ માના,
લંકેશ્વર ભયે સબ જગ જાના.
(શ્રી વિભિષણે આપની સલાહ સ્વીકારી હતી અને તેથી તે પણ લંકાના રાજા બન્યા એ આખો સંસાર જાણે છે.)

જુગ સહસ્ત્ર યોજન પર ભાનૂ,
લીલ્યો તાહિ મધુર ફલ જાનું.
(હજારો જોજન દૂર એવા સૂર્ય ને મીઠુ ફળ સમજીને આપ તેને ગળી ગયા હતા.)

પ્રભુ મુદ્રિકા મેલી મુખ માહીં,
જલધિ લાંધિ ગયે અચરજ નાહીં.
(આપે શ્રી રામજીની વીટીં મુખમાં મુકી સમુદ્ર પાર કર્યો એ બાબતમાં કોઈ આશ્ચર્ય નથી.)

દુર્ગમકાજ જગત કે જે તે,
સુગમઅનુગ્રહ તુમ્હારે તેતે.
(સંસારમાં જેટલા પણ કઠીનમાં કઠીન કાર્ય છે તે સર્વે હે શ્રી હનુમાનજી આપની કૃપાથી સરળતાથી થઈ જાય છે.)

રામદુઆરે તુમરખવારે,
હોત ન આજ્ઞા બિનુ પેસારે.
(શ્રી રામજીના દરબારમાં શ્રી હનુમાનજી આપ જ દ્વારપાલ છો અને તમારી આજ્ઞા વિના કોઈપણ ને પ્રવેશ ત્યાં થઈ શકતો નથી.)

સબ સુખ લહૈ તુમ્હારી શરના,
તુમરક્ષક કાહુ કો ડરના.
(હે ! શ્રી હનુમાનજી, આપના શરણમાં જે આવે છે તે સૌ સંસારના સર્વ સુખ પ્રાપ્ત કરે છે તેમજ જેના આપ રક્ષક છો એને કોઈપણ ભય-વ્યાધિ રહેતો નથી.)

આપન તેજ સમ્હારો આપૈ,
તીનોં લોક હાંક તે કાંપૈ.
(હે હનુમાનજી, તમારૂ તેજ, તમે પોતે જ સાંભળી શકો છો તમારી હાક સાંભળી ત્રણે લોક થરથર કાંપે છે.)

ભૂત પિશાચ નિકટ નહિ આવૈ,
મહાવીર જબ નામસુનાવૈ.
(જે વ્યક્તિ સાચા હૃદયથી આપનું નામલે છે. તેની સમીપ ભૂત, પ્રેત, પિશાચ વગેરે આવતા નથી.)

નાસૈ રોગ હરૈ સબ પીરા,
જપત નિરંતર હનુમંત બીરા.
(શ્રી મહાવીર હનુમાનજી નું નામનિરંતર જપ કરવાથી દરેક પ્રકારના વ્યાધિ દૂર થાય છે.)

સંકટ સે હનુમાન છુડાવૈ,
મન-કર્મ-વચન ધ્યાન જો લાવૈ.
(શ્રી હનુમાનજીનું જે વ્યક્તિ મન વચન અને કર્મથી ધ્યાન ધરે છે તેને બધા સંકટોથી આપ મુક્ત કરાવો છો.)

સબ પર રામતપસ્વી રાજા,
તિન કે કાજ સકલ તુમસાજા.
(તપસ્વી રાજા શ્રી રામસર્વથી શ્રેષ્ઠ છે. આપે તેમના તમામકાર્યો સહજ રીતે સફળ કર્યા છે. પરિપૂર્ણ કર્યા છે.)

ઔર મનોરથ જો કોઈ લાવૈ,
સોઈ અમિત જીવન ફલ પાવૈ.
(હે ! અંજનિપુત્ર, આપની સમક્ષ જે કોઈ સાચા હૃદયથી મનોરથ લઈને આવે છે તેનું જીવન સફળ થાય છે.)

ચારોં જુગ પરતાપ તુમ્હારા,
હૈ પ્રસિદ્ધ જગત ઉજિયારા.
(હે હનુમાનજી ! તમારો પ્રતાપ ચારે યુગમાં પ્રસિદ્ધ છે જગતમાં આપનો સુયશ સર્વત્ર પ્રકાશવાન છો.)

સાધુ સંત કે તુમરખવારે,
અસુર નિકંદન રામદુલારે.
(હે હનુમાનજી ! આપ સાધુ સંતોના રક્ષક છો તથા દુષ્ટો ને દંડ આપનાર છો અને
રૂપ શ્રી રામજીના અત્યંત પ્રિય તથા લાડકા છો.)

અષ્ટ સિદ્ધિ નવ નિધિ કે દાતા,
અસ વર દીન જાનકી માતા.
(માતા શ્રી જાનકીજી એ આપને એવું વરદાન આપેલ છે કે આપ અષ્ટ સિદ્ધિઓ અને નવ નિધિઓ
આપ જેને ઈચ્છો તેને પ્રદાન કરી શકો છો.)

રામરસાયન તુમ્હારે પાસા,
સદા રહો તુમરઘુપતિ કે દાસા.
(શ્રી રામજી સૂક્ષ્મરૂપમાં આપની પાસે છે તથા આપ પ્રભુ શ્રી રામના અત્યંત પ્રિય તથા સન્માનીય સેવક છો.)

તુમ્હારો ભજન રામકો પાવૈ,
જનમજનમકે દુ:ખ બિસરાવૈ.
(આપનું ભજન કરવાવાળા શ્રી રામભગવાનને પ્રાપ્ત કરી શકે છે, તેના જન્મજન્માંતરના કષ્ટો સદાને માટે દૂર કરી જાય છે.)

અંતકાલ રઘુવરપુર જાઈ,
જહાં જન્મહરિ-ભક્ત કહાઈ.
(મૃત્યુ પછી  પણ એ ભક્ત શ્રી રામજીના ધામમાં જાય છે. અને કદાચ ક્યાંય જન્મથાય તો પણ તે ભક્તિ પ્રાપ્ત કરશે અને
રામભક્તના નામે પ્રસિદ્ધ થશે.)

ઔર દેવતા ચિત્ત ન ધરઈ,
હનુમંત સેઈ સર્વ સુખ કરઈ.
(બીજા કોઈપણ ભગવાનમાં ચિંતનમાં ધ્યાન ન આપો અને ફક્ત શ્રી હનુમાનજીની સેવામાં જ
મગ્નન થાવ તો અનંત આનંદ પ્રાપ્ત થશે.)

સંકટ કટૈ મિટૈ સબ પીરા,
જો સુમિરૈ હનુમંત બલબીરા.
(મહાવીર હનુમાનજીનું જે સ્મરણ કરે છે તેના બધા દુ:ખ નાશ પામે છે
રૂને બધી પીડા-આપત્તિઓ દૂર થઈ જાય છે.)

જય જય જય હનુમાન ગોસાઈ,
કૃપા કરહુ ગુરુ દેવ કી નાઈ.
(હે શ્રી હનુમાનજી ! આપનો જય હો આપ મારૂ મન તથા શરીરના સ્વામી છો
રૂાપ મારા પર કૃપાલુ ગુરૂદેવ સમાન કૃપા કરો.)

જો સત બાર પાઠ કરે કોઈ,
છુટહિ બંદિ મહા સુખ હોઈ.
(જે કોઈ હનુમાન ચાલીસાના રોજ (ખરા ઉચ્ચારણ સાથે) પાઠ કરે તે બધા જ બંધનો માંથી છૂટી જાય છે
અને પરમાનંદ પ્રાપ્ત કરે છે.)

જો યહ પઢે હનુમાન ચાલીસા,
હોય સિદ્ધિ સાખી ગૌરીશા.
(જે ભક્ત શ્રી હનુમાન ચાલીસાના નિત્ય પૂર્વક પાઠ કરશે તેને નિશ્ચિત સફળતા પ્રાપ્ત થશે જ એના સાક્ષી ભગવાન શંકર છે)

તુલસીદાસ સદા હરિ ચેરા,
કીજૈ નાથ હૃદય મહઁ ડેરા.
(સંત શ્રી તુલસીદાસજી કહે છે કે હું સદા શ્રી હનુમાનજીનો સેવક છું. માટે હે નાથ આપ મારા હૃદયમાં બિરાજો.)

*(દોહા)*
*પવનતનય સંકટ હરન, મંગલ મૂરતિ રૂપ;*
*રાખ લખન સીતા સહિત, હૃદય બસહુ સૂર ભૂપ.*
(હે પવનકુમાર શ્રી મહાવીર હનુમાનજી આપ સર્વ સંકટોના હરનાર મંગલમૂર્તિ રૂપ છો.
આપ શ્રી રામ-લક્ષ્મણ અને માતા સીતા સહિત અમારા હૃદયમાં નિવાસ કરો.)